ધોળાકુવાની કિશોરીની કરપીણ હત્યા

મૃતદેહને કોથળામાં બાંધીને ફેંકી દેવાયો : આખી રાત ગામમાં પરિવારજનોએ શોધખોળ કરવા છતાં ન મળેલી કિશોરીનો સવારે મૃતદેહ મળી આવતા ચકચાર

શરીરે ઈજાના એક પણ નિશાન નહીં : મોં દબાઈને હત્યા કરાઈ હોવાની આશંકા : શ્વાસ રૂંધાઈ જવાથી મૃત્યુ થયુ હોવાનું તબીબી તારણ

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર શહેરને અડીને આવેલા ધોળાકુવા ગામની ૧૫ વર્ષની કિશોરી બપોરથી ગુમ થઈ ગયા બાદ આખી રાત પરિવારજનોએ ગ્રામજનો સાથે મળીને શોધખોળ કરી પરંતુ ક્યાંયથી સગડ મળ્યા ન હતા. બીજા જ દિવસે એટલે કે આજે વહેલી સવારે કિશોરીનો મૃતદેહ ગામના પાદરેથી કોથળામાં બાંધીને ફેંકી દેવાયેલી હાલતમાં મળતા ચકચાર મચી જવા પામી છે. કિશોરીના શરીરેથી કોઈ ઈજાના નિશાન મળ્યા નથી જો કે હાથ અને મોં ની હડપચીના ભાગે સામાન્ય ઉઝરડા જોવા મળી આવ્યા હતા. મોં દબાવીને કોઈએ હત્યા કરી ફેંકી દીધી હોવાની આશંકા સેવાઈ રહી છે. સે. ૭ પોલીસે ગુનો દાખલ કરીને મૃત્યુનું કારણ બહાર લાવવો પોસ્ટમોર્ટમ કરાવ્યું છે જો કે એફએસએલના રીપોર્ટ પર મૃત્યુનું કારણ પેન્ડીંગ રાખવામાં આવ્યું છે. પી.આઈ. જે.એમ. ભરવાડે ગુનાની વધુ તપાસ આરંભી છે. પ્રાથમિક તબક્કે ગુંગળામણથી મૃત્યુ થયાનું તબીબો જણાવી રહ્યા છે.

ધોળાકુવા ગામમાં રહેતી ૧૫ વર્ષની કિશોરી આશા અજમલભાઈ ખેમજીભાઈ માજીરાણા ગઈકાલે બપોરે બાર વાગ્યાના અરસામાં બાજુમાં ટીવી જોવા જવાનુ કહીને ઘરેથી નીકળી હતી. મોડી સાંજ થઈ ગયા બાદ પણ તે ઘરે પરત ફરી ન હતી. પરિવારજનોએ રાતભર તેણીની શોધખોળ ગ્રામજનોની મદદથી કરી હતી, પરંતુ ક્યાંયથી તેણીની કોઈ સગડ મળ્યા ન હતા. આજે વહેલી સવારે છ વાગ્યાના અરસામાં ગામની નજીક શાહપુર રોડ પાસેથી કોથળામાં બાંધેલી હાલતમાં આશાનો મૃતદેહ મળી આવતા સન્નાટો મચી જવા પામ્યો હતો. આશાના શરીરે કોઈ ઘા ના નિશાન મળી આવ્યા નથી. પરંતુ મો થી ગળાની વચ્ચે હડપચી પર અને હાથ પર સામાન્ય ઉઝરડા પડેલા હતા. મોં દબાવી દઈને તેણીની હત્યા કરી ઘઉના કોથળામાં લાશ નાંખીને કોથળાનું મોં વાયરથી બાંધી લાશ ફેંકી દેવામાં આવી હોવાની આશંકા છે. ડૉગ સ્કવોર્ડ તથા એફએસએલ અધિકારી જી.પી. દરબાર ઘટનાની વૈજ્ઞાનિક ઢબે તપાસ અર્થે ટીમ સાથે આવી પહોંચ્યા હતા. મૃતદેહ પીએમ કરાવી સે. ૭ પી.આઈ. જે.એમ. ભરવાડે ઝીણવટભરી તપાસ શરૂ કરી છે. હત્યા પાછળ આસપાસનું જ કોઈ હોવાની શકયતા પ્રબળ બની છે. પોલીસે તે દિશામાં તપાસ શરૂ કરી છે. તબીબના જણાવ્યાનુસાર શ્વાસ રૂંધાઈ જવાથી મૃત્યુ થયું છે.

(તસવીર : વિપુલ ચૌહાણ)

પોલીસ ચાર કલાક મોડી પહોંચતા ગ્રામજનો રોષે ભરાયા હતા

રાતભર પરિવારજનોએ તથા ગ્રામજનોએ ગુમ કિશોરી આશાની શોધખોળ શરૂ કરી હતી, પરંતુ ક્યાંયથી પત્તો મળ્યો ન હતો. દરમ્યાન સવારે કોથળામાંથી લાશ મળી આવતા છ વાગ્યાના અરસામાં ગ્રામજનોએ પોલીસને જાણ કરી દીધી હતી પરંતુ પોલીસ ચાર કલાક સુધી એટલે કે સવારે ૧૦ વાગે પણ ન પહોંચતા ગ્રામજનો રોષે ભરાયા હતા અને હંગામો મચાવ્યો હતો. આખરે ચાર કલાકે પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી.

ગામના જ કોઈ મકાનમાં હત્યા થયાની શક્યતા..!

રાતભર ગ્રામજનોએ કિશોરીની શોધખોળ કરી અને ગામ આખુ કિશોરીને શોધવા લાગ્યું હતું. રાતે ક્યાંયથી આશાની ભાળ ન મળી..! આ બધુ કદાચ આરોપી હત્યારો પણ જોઈ રહ્યો હોય અને મોડી રાત્રે કે વહેલી સવારે ગ્રામજનો પોતપોતાના ઘરે ગયા ત્યારે તક જોઈને તેણે પોતાના ઘરમાં પડેલી લાશ ઘઉના કોથળામાં વાયરથી બાંધીને ગામ નજીક જ ફેંકી દીધી હોય તેવી શકયતા છે. મોં થી ગળાની વચ્ચે તથા હાથે પડેલા ઉઝરડા જોતા મોં દબાવીને હત્યા થઈ હોવાની શંકા છે. જે કોથળામાંથી લાશ મળી તેમાંથી થોડા ઘઉના દાણા પણ મળી આવ્યા છે. અને વાયરથી કોથળાનું મોં બાંધેલું હતું જે જોતા કોઈ મકાનમાં જ હત્યા કરીને કોથળામાં બાંધી હોવાની શકયતા પ્રબળ બની છે.

બનાવ સ્થળનું નિરીક્ષણ

● મોં થી ગળા વચ્ચેના ભાગે સામાન્ય ઉઝરડા હતા.

- ● હાથે સામાન્ય ઉઝરડા હતા.
- ● મોં નો ભાગ સુઝી ગયેલો હતો.
- ● નાકમાંથી લોહી નીકળી ગયું હતુ.
- ● મોં ના ભાગે લોહી જામી જવાથી જાંબલી જેવો કલર થઈ ગયો હતો.
- ● ઘઉંના કોથળાનું મોં વાયરથી બાંધેલુ હતું અને અંદર લાશ હતી.
- ● કોથળામાંથી ઘઉંના દાણા મળી આવ્યા હતા.
- ● બળાત્કાર થયો હતો કે નહીં તે માટે ગર્ભાશયમાંથી નમુના લેવાયા.
- ● કોથળે બાંધેલા વાયરના એક છેડે કાળી ટેપ મારેલી છે.

આવતીકાલથી જિલ્લામાં ૪૪૧૪૧ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે

ધો. ૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષામાં ૯ સ્કવોર્ડની ટીમો રાઉન્ડ લેશે : ૧૫૫ પરીક્ષા સ્થળો પર પરીક્ષા લેવાશે

ગાંધીનગર, તા. ૧૧

આવતીકાલથી શરૂ થનારી ધો. ૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષાને અનુલક્ષી શિક્ષણતંત્ર દ્વારા તમામ પ્રકારની તૈયારીઓ કરી દેવાઈ છે. ધો. ૧૧ સહીત કુલ ૪૯૮૪૧ વિદ્યાર્થીઓ આગામી બોર્ડ પરીક્ષા આપશે. કુલ ૧૫૫ પરીક્ષાસ્થળો પર પરીક્ષાલક્ષી કાર્યવાહી હાથ ધરાશે. ધો. ૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષામાં ૪૪૧૪૧ વિદ્યાર્થીઓ પરીક્ષામાં બેસશે.

ધો. ૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષાનો આગામી તા. ૧૩ માર્ચથી પ્રારંભ થનાર છે. બોર્ડ પરીક્ષાનું કાઉન્ટડાઉન શરૂ થઈ ગયું છે ત્યારે વિદ્યાર્થીઓ પણ પરીક્ષાની તૈયારીમાં વ્યસ્ત જોવા મળી રહ્યા છે. બીજીતરફ શિક્ષણતંત્ર દ્વારા પણ સફળ અને શાંતિપૂર્વકના સંચાલન માટે જરૂરી તમામ તૈયારીઓ કરી દેવાઈ છે. જિલ્લા શિક્ષણાધિકારી શ્રી બારડના જણાવ્યા મુજબ ૧૫૫ પરીક્ષા કેન્દ્રો પર વિદ્યાર્થીઓની બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. જેમાં ધો. ૧૦માં જિલ્લામાંથી ૨૭૮૨૩ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. વિવિધ ૯૯૦ બ્લોકમાં પરીક્ષાની કાર્યવાહી હાથ ધરાશે. ધો. ૧૨ સામાન્ય પ્રવાહમાં ૧૧,૩૦૦ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. જેમાં ૩૪ પરીક્ષા સ્થળો સહીત ૩૬૭ બ્લોકમાં બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. ધો. ૧૨ વિ. પ્રવાહમાં ૫૦૧૮ વિદ્યાર્થીઓ પરીક્ષામાં અપિયર થશે. આ માટે ૨૫૯ બ્લોકમાં બેઠક વ્યવસ્થા ગોઠવાશે. આ ઉપરાંત ધો. ૧૧ માં ૫,૭૦૦ વિદ્યાર્થીઓ પરીક્ષામાં હાજરી આપશે. બોર્ડ પરીક્ષા દરમિયાન કોઈપણ પ્રકારની ગેરરીતિ ન થાય તે માટે શિક્ષણ બોર્ડ સ્કવોડની ૯ ટીમો રાઉન્ડ લેશે. આ વખતે સ્થાનિક સ્કવોર્ડની ટીમો રાખવામાં ન આવી હોવાનું પણ તેમણે જણાવ્યું હતું. બોર્ડ પરીક્ષાને અનુલક્ષી ગઈકાલે

● અનુસંધાન પાન-૭ પર

ધોરણ-૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓ માટે હેલ્પલાઈન

તા. ૧૩ માર્ચથી શરૂ થનારી ધો. ૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષાને અનુલક્ષી વિદ્યાર્થીઓની મુંઝવણ દૂર કરવા જિલ્લા શિક્ષણતંત્ર દ્વારા હેલ્પલાઈન શરૂ કરવામાં આવી છે. આ હેલ્પલાઈનના માધ્યમથી વિદ્યાર્થીઓને સંબંધિત વિષયો સંદર્ભે માર્ગદર્શન પુરૂ પાડવામાં આવશે.

ધોરણ	વિષય	શિક્ષકનું નામ અને ફોન નંબર
૧૦	અંગ્રેજી	અરવિંદભાઈ વાઘરોડીયા -૯૪૨૮૦૨૮૪૫૬
	ગણિત	નવીનભાઈ એલ. પટેલ -૯૪૨૭૪૯૦૪૯૦
	વિજ્ઞાન અને ટેકનોલોજી	મેહલભાઈ એ. પટેલ -૯૯૯૮૫૬૬૦૧૩
	સામાજીક વિજ્ઞાન	ભરતભાઈ બી. નાયક -૯૯૯૮૫૬૭૧૪૮
૧૨	કેમેસ્ટ્રી (વિ.પ્ર.)	ઉમેશચંદ્ર બી. દવે -૯૮૭૯૨૦૬૭૦૦
	બાયોલોજી	પરેશભાઈ એમ. પરીખ -૯૯૨૪૧૨૮૧૦૪
	ગણિત	ભરતભાઈ બી. પટેલ -૯૬૦૧૬૨૪૪૨૫
	ફિઝિક્સ	વિષ્ણુભાઈ આર. પટેલ -૯૯૯૮૮૪૭૦૭૫

રાઈટર માટે ૧૦ વિદ્યાર્થીઓને મંજૂરી

બોર્ડ પરીક્ષા દરમિયાન શાંતિ અને કાયદો વ્યવસ્થા જળવાઈ રહે તેવું આયોજન કરવામાં આવ્યું છે. વિદ્યાર્થીઓ ભયમુક્ત વાતાવરણમાં પરીક્ષા આપી શકે તે માટે જરૂરી તમામ બાબતોને ધ્યાને લેવામાં આવી છે. આ ઉપરાંત વિકલાંગ વિદ્યાર્થીઓ માટે સાનુકુળ બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. વિકલાંગ વિદ્યાર્થીઓ માટે સે. ૮ સેન્ટ ઝેવિયર્સમાં બેઠક વ્યવસ્થા કરવામાં આવી છે. જ્યારે અંધ પરીક્ષાર્થીઓ માટે લહીયાની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. સૂત્રોના જણાવ્યા મુજબ ૧૦ કિસ્સામાં રાઈટર માટે મંજૂરી આપવામાં આવી છે.

ભાજપ પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડની આજે મિટિંગ

અમદાવાદ, તા.૧૧

ભાજપ પ્રદેશ મીડીયા સેલની યાદી જણાવે છે કે, આવતીકાલ તા. ૧૨ માર્ચના રોજ ગાંધીનગર ખાતેપ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડની બેઠક મળશે. જેમાં ૦૮ લોકસભા ક્ષેત્રના ઉમેદવારો અંગે ચર્ચા વિચારણા હાથ ધરવામાં આવશે. આવતીકાલની બેઠકમાં સૌરાષ્ટ્રની ૦૭ બેઠકો ભાવનગર, અમરેલી, સુરેન્દ્રનગર, રાજકોટ, પોરબંદર, જુનાગઢ અને કચ્છની ૦૧ બેઠક એમ કુલ ૦૮ બેઠકોની સમીક્ષા હાથ ધરવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે, પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડની બેઠકમાં આજે ઉત્તર ઝોનની ૦૯ બેઠકો માટે ચર્ચા હાથ ધરાશે

ઓફીસ/શોપ ભાડે આપવાની છે
(૧) સેક્ટર-૧૧, મેઘમલ્હાર ૧૯૦ સ્કે.ફીટ
(૨) સ્વાગત રેઈન ફોરેસ્ટ-૧ ૩૯૦ સ્કે.ફીટ
ફુલ્લી કર્નિશ્ડ ૧૦ કર્મચારી બેસીને કામ કરી શકે નેવું વિશાલ પાર્કીંગની જગ્યા સાથે
સંપર્ક : મો. ૯૯૭૪૭૦૩૪૦૧

બારમી પૂણ્યતિથિએ
શ્રદ્ધાંજલિ
પૂ. લક્ષ્મીબા
સ્વર્ગવાસ તા. : ૧૨-૩-૨૦૦૨
આપની સ્મૃતિ જ દેવાલય અને મંદર છે
પૂજનીય આપ છો ને આપની તસવીર
સજાજો મૃત્યુ પછી પણ દેવ થઇ જાય છે
એવા બાને હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ
રાજેશ પંચોલી
ડીરેક્ટરશ્રી,
ગાંધીનગર દૂધ વાપરનારાઓની સહકારી મંડળી
સેક્ટર-૨૪, ગાંધીનગર

બેસણું
અમારા ધર્મપત્ની કમળાબા સુખાજી રાણાનું તા. ૧૧/૩/૨૦૧૪ ને મંગળવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદ્ગતનું બેસણું (સુંવાળા) તા. ૧૩/૩/૨૦૧૪ ને ગુરૂવારના રોજ સવારે ૧૦-૦૦ થી ૨-૦૦ કલાક દરમિયાન અમારા નિવાસસ્થાને રાખેલ છે.
સ્થળ : મુ. પો. ધણપ, તા.જી. ગાંધીનગર. મો. ૯૪૨૪૨૫૭૧૮૩
રાણા જનકસિંહ સુખાજી (પુત્ર) રાણા સુખાજી પ્રતાપભા
રાણા મુળસિંહ પ્રતાપભા રાણા રામાજી પ્રતાપભા
રાણા દિલીપસિંહ પ્રતાપભા રાણા લાલસિંહ પ્રતાપભા

બેસણું
અમારા પૂજ્ય પિતા શ્રી સ્વ.મગનલાલ નરસિંહભાઈ પોરા (મગનકાકા, ગામ કરસોલી) (નિવૃત હાઈકોર્ટ કર્મચારી) તા.૧૦-૩-૨૦૧૪ ને સોમવારના રોજ દેવલોક પામેલ છે. સદ્ગતનું બેસણું તા.૧૨-૩-૨૦૧૪ ને બુધવાર ના રોજ સવારે ૯-૦૦ થી ૧-૦૦ કલાકે અમારા નીવેના સ્થળે રાખેલ છે.
સ્થળ : મુ. પો. કરસોલી, તા.માણસા જી. ગાંધીનગર મો : ૯૪૨૭૦૬૧૧૧૧
મો.સ.પાર્થીવેન મગનલાલ પોરા (પત્ની)
નરેન્દ્ર એમ. પોરા (તા ખજુર કિ ક્ર લાઈબ્રેરી કર્મચારી શંકર)(પુત્ર) પરમાર્થી એમ. પોરા (પુત્રવધુ)
અમિત એમ. પોરા (કેડીલા કુમાર) (પુત્ર) સપના એમ. પોરા (પુત્રવધુ)
કુસુમબેન એમ. પોરા (પૌત્ર) મયુરભાઈ નિરંજનકુમાર પોરા (પુત્રવધુ)
સમ્રાટ પી. ઠક્કર (પૌત્રી) નિકુંજભાઈ મનોજભાઈ ઠક્કર (પુત્રી)
અમૃતા આર. પોરા (પૌત્રી) મનમોહન ભાનુભાઈ કોટેચા (પુત્રી)
સોનલ કી. ઠક્કર (પૌત્રી) સાહિલભાઈ મૂર્ધન્યકાન્ત કોઠારી (પુત્રી)
પૌત્ર આર. મેસવા (પૌત્રી) (સમક્ષ પોરા પરિવાર સર્વે સ્નેહીજનો સંબંધી પરિવાર)

બેંક ઓફ ઇન્ડિયા
Zonal Office : Gandhinagar Zone, BOI Building,Nr.Patnagar Yojana Bhawan Sector-16, Gandhinagar-382016 Ph : 079-23222853
E-mail : zo.gandhinagar@bankofindia.co.in
ઓલ્ટરનેટ ચેનલ્સ ડિલીવરીસ ડાયરેક્ટ
ઓફ સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા / સ્ટેટ બેંક ઓફ મૈસૂર / સ્ટેટ બેંક ઓફ હૈદરાબાદ / સ્ટેટ બેંક ઓફ પટિયાલા / સ્ટેટ બેંક ઓફ બીકાનેર એન્ડ જયપુર / સ્ટેટ બેંક ઓફ ત્રાવણકોર / બેંક ઓફ ઇન્ડિયા ખાતે ઓલ્ટરનેટ ચેનલ્સ ડિલીવરીસ ડાયરેક્ટ કરવામાં આવે છે.
આ ડાયરેક્ટ ચાર્જિસ / કંપનીએ સંકુચી શિલ્પ અને કલ્યાણ ચિત્રો કલ્યાણ કરવા ૧૧ થી ૧૧ ૩ સુધીમાં (એકાંત થી.એમ.ટી)નો ફાળ્ય કોર્ડ કરવો.
ઓલ્ટરનેટ કરવાં આવતા ઉત્પાદ ઓલ્ટરનેટ ચેનલ્સ ડિલીવરીસ ડાયરેક્ટ કરવાં આવે છે.
તા. ૧૧-૩-૨૦૧૪ સુધી ૩ સુધી ખોલવા.
ઓલ્ટરનેટ ચેનલ્સ ડિલીવરીસ ડાયરેક્ટ

MAS
કેશ લોન
૧૦ હજાર થી ૭૫ હજાર સુધી
ફક્ત 3 દિવસમાં
માસ ફાયનાન્સિયલ સર્વિસીસ લિમીટેડ
ગાંધીનગર - ફોન : 23288953 મો.: 9173700819 અમદાવાદ - ફોન : 30016541/42 મો.: 8460312212 નડિયાદ - ફોન : 3246715 મો.: 8469792305 અમરેલી - ફોન : 324054 મો.: 8347000614 જૂનાગઢ - મો.: 8460312212 રાજકોટ - ફોન : 322277 મો.: 8347000614 ભાવનગર - ફોન : 252134 મો.: 9376052085
૯૯૦૪૩૦૧૩૫૦/૫૧

Are you a working woman with very little time for shopping good costumes with lot of variety at reasonable rate?
Don't bother any more !
We offer a perfect solution!
Buy online with us from the comfort of your home at
www.kalpanascreations.com
Online Selection, Online Payment, Online Stitching Form
We offer the best cotton collection of town. Cotton Prints, Cotton suits with work, Churidars, Kangaroos, Kaftan Suits with Hand Work, Kitty jeet Straight suits, Kurtis, Anarkalis and Full Flared Kurtis, Floor Length Pieces, Sharara or Palazzos. Kalpana Fabrics and your design. Or any Celebrity Replica Design. Chat online without an appointment. Give your measurement online to our designer (or Kalpana artist) order online and deliver at your home, while you pay, just everything online. Just make sure your first order is Rs. 11,000 or more. Don't wait. Be fast to join us.
PROUDLY AND ORIGINAL CHOLI SPECIALIST
WE STITCH SUPERB DESIGNER BLOUSES
www.kalpanascreations.com
www.facebook.com/kalpanascreations
Ashwini Plaza, Centrepoint Road, Navrangpura, Ahmedabad.

LED, LCD & Colour TV
રીપેરીંગ
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
બ્લોક નં. ૩૧૬, ડબલ ડેકર, ચંદ્ર ફોટો સ્ટુડિયોની લાઈનમાં, બીજા માળે, સેક્ટર-૨૪, ગાંધીનગર
ફોન : ૨૩૨૮૭૧૧૫
મો. : ૯૭૧૧ ૯૮૩૬૬, મો. : ૯૪૨૬૨ ૭૦૪૮૧

SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
C. C. C. (Customer Care Centre) Gandhinagar District
VINAYAK 500
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સાવન વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY
Waterproofing the champions
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૬૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી :** કૃષ્ણકાન્ત જહા. **ફોન :** ૨૩૨૨૨૫૭૧, **ફેક્સ :** ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com